શિવસ્તુતિ સહિત
શિવમાનસપૂજા તથા
નર્મદાષ્ટકસ્તોત્ર

अथ श्री शिवस्तुति सहित

श्री शिवमानसपूजा

तथा

नर्मदाष्टकस्तोत्र



ધર્મ

श्री गणेशायनमः

अथ श्री शिवमानसपूजा.

रत्नैः कल्पितमासन हिमजलैः स्नान च दिव्याम्बर ।
नानारत्नविभूषण मृगमदामोदान्वित चन्दनम् ॥
जातीचपकबिल्वपत्ररचित पुष्प च धूप तथा ।
दीप देव दयानिधे पशुपते हृत्कल्पित गृह्यताम् ॥ १ ॥

રત્નોવડે રચાયેલુ આસન, શીતલ જલો વડે સ્નાન, અતિ ઉતમ વસ્ત્ર અનેક રત્નોના વિશેષ ઘરેણાઓ, કસ્તુરીના સુગધવાળુ ચદન, જોઈ અને ચાપાના પુષ્પ તથા બિલ્વપત્રોએ ભળેલા ધુપો, ધુપ અને દીપ, એ બધુ મારા મનથી રચેલુ હે દેવ, હે દયાનિધ, હે પશુપતિ આપ સ્વીકાર કરો. (૧)

सौवर्णे मणिखण्डरत्नरचिते पात्रे घृत पायस ।
भक्ष्य पञ्चविध पयोदधियुत रभाफल सैक्षवम् ॥
शाकानाममृत जलं रुचिकर कर्पूरखण्डोज्ज्वल ।

ताम्बूल मनसा मया विरचित भक्त्या प्रभो स्वीकुरु ॥ २ ॥

મણીઓના સમુદાયથી અને રત્નોથી જડેલી સોનાની થાળીમા, ઘી, પાયસ (દુધનો પદાર્થ,) પાંચે પકવાન્નો, દુધ, દહી અને ખાંડ નાખેલા ફળો, હજારો શાકો, અતિ સ્વાદિષ્ટ જલ, કપૂરના કટકાઓથી બનાવેલુ પાનનુ બીડુ, એ સર્વે મે મારા મનથી ભકિતવડે કલ્પેલુ. હે પ્રભુ આપ ગ્રહણ કરો (૨)

छत्र चामरयोर्युग व्यजनक चाऽऽदर्शक निर्मल ।
वीणाभेरिमृदगकाहलकलागीत च नृत्य तथा ॥
साष्टाग प्रणतिः स्तुतिर्बहुविधा एतत्समस्त मया ।
सकल्पेन समर्पित तव विभो पूजा गृहाण प्रभो ॥ ३ ॥

છત્ર, બે ચમરો, પંખો નિર્મળ, અરીસા, વીણા નગારા, મૃદંગ વગેરેના ગાજ બાજાંની સાથ ગાયન નાચ સાષ્ટાંગનમસ્કાર અને અનેક પ્રકારની સ્તુતિઓ, એ બધુ મે સંકલ્પ વડે આપને સમર્પ્યુ છે. માટે હે ઈશ્વર, હે પ્રભુ ! તે આપની પૂજાને સ્વીકાર કરો (૩)

आत्मा त्व गिरिजा मतिः सहचरा प्राणाः शरीर गृह ।
पूजा ते विषयोपभोगरचना निद्रा समाधिस्थितिः ॥

संसारः पदगोः प्रदक्षिणविधि स्तोत्राणि सर्वा गिरो ।
यद्यत्कर्म करोमि तत्तदखिलं शम्भो तवाऽऽराधनम् ॥ ४ ॥

હે શંભુ મારા આત્મા તમે છો, મતિ એ પારવતીજી છે પ્રાણો એ ગણો છે, શરીર મંદિર, અનેક વિષયોનો જે ઉપભોગ તે પૂજા, નિદ્રા એ સમાધિ, સંસારમાં ફરવું એ પ્રદક્ષિણા અને જે જે વાણીઓ બોલાય છે તે તે સ્તુતિ આમ હે શંભુ, હું જે જે કામ કરૂં છું તે તે બધું એ તમારી સેવા છે (૪)

एवं श्लोकचतुष्टयेन रचिता पूजा मया मानसी ।
वाजस्थेन महावसानसमये कैलासलोकाय मे ॥
इत्येवं शिवपूजनं विधिकृतं यो वै त्रिसन्ध्यं पठेत् ।
सर्वं सौख्यमवाप्नुयादिह परं त्वान्ते शिवं पश्यति ॥ ५ ॥

આમ આ ચાર શ્લોકો વડે માનસ (મનની કલ્પેલી સામગ્રીઓની) પૂજા વાજસ્થ એવા મે મારા મરણ સમયે મારા કૈલાસ લોકની પ્રાપ્તિ સારૂ રચેલી છે આવું શિવનું વિધિથી કરેલું પૂજન જે કોઈ ત્રિકાલ (સવાર, બપોર અને સાંઝ) ભણે છે, તે આ લોક અને પરલોક બધી જાતનું સુખ પામે છે અને અન્તે શ્રી શિવજીના દર્શન કરે (૫)

अथ श्री शिवस्तुतिः

शान्तं पद्मासनस्थं शशिधरमुकुटं पञ्चवक्त्रं त्रिनेत्रं ।
शूलं वज्रं च खड्गं परशुमभयदं दक्षिणाङ्गे वहन्तम् ॥
नागं पाशं च घण्टां डमरुकसहितं साङ्कुशं वामभागे ॥
नानालङ्कारदीप्तं स्फटिकमणिनिभं पार्वतीशं नमामि ॥ ६ ॥

શાંત મુર્તિ અને પદ્માસને (એક પગનો પંજો બીજા પગની જાંઘ ઉપર ચડાવેલી પલાઠી વાળીને) બેઠેલા ચંદ્રમા છે મુગટમાં જેના એવા પાંચ મુખ અને દરેક મુખે ત્રણ ત્રણ આંખો જેને છે એવા ત્રિશળ વજ્ર તરવાર કોહાડો અને અભય દાન એ છે જમણી બાજુના હાથોમાં જેને એવા સર્પ, ફરશી ઘંટા, ડમરૂ અને અંકુશ એ પાંચ ડાબી પાસાના હાથમાં છે જેના એવા અનેક ઘરેણાઓએ ઝગ ઝગ થતાં અને સ્ફટિક (શુદ્ધ ધોળા) મણી જેવા તેજસ્વી શરીરવાળા એવા શ્રી પાર્વતીપતિને નમસ્કાર કરૂં છું (૬)

वन्दे देवमुमापतिं सुरगुरुं वन्दे जगत्कारणम् ।
वन्दे पन्नगभूषणं मृगधरं वन्दे पशूनां पतिम् ॥

वन्दे सूर्येशशाङ्कवन्हिनयनं वन्दे मुकुन्दप्रियं ।
वन्दे भक्तजनाश्रयं च वरदं वन्दे शिवं शङ्करम् ॥ ७॥

[श्री उमापतिने देवने नमस्कार करु छु जे संपूर्ण देवोना गुरु अने जगतना उत्पति वगेरेना कारण एवा आपने वंदु छु सर्पोना घरेणावाळा अने हाथे हरणने धारण करनार, शिवने वंदन करु छु. संपूर्ण चराचर जीवरुप पशुओना पतिने नमन करु छु सुर्य चंद्र अने अग्नि जेना नेत्र तथा मुकुंद भगवान जेने वहाला छे, एवा आपने नमु छु मंगळना अने सुख करनार एवा आप शिवने हु नमु छु (७)

पाताले चान्तरिक्षे दशदिशि गगने सर्वशैले समुद्रे ।
भस्मे काष्ठे च लोष्ठे क्षिति–जल–पवने स्थावरे जङ्गमेवा
बीजं सर्वौषधीनां मसुरसुरपतिं पुष्पपत्रे तृणाग्रे ।
एको व्यापी शिवोयमिति वदति हरिर्नास्ति देवो द्वितीयः ॥ ८ ॥

पातलमा अंतरिक्षमा दशे दिशाओमा, बधा पर्वतोमा, समुद्रोमा भस्म (राख) मा लाकडाओमा, माटीना ढेफाओमा पृथ्वीमा पाणीमा वायुमा चर (माणस पशु वगेरे) अचर (झाड पाषाण वगेरे) प्राणीओमा सर्व ओषधीओमा बीज रुपे, असुरो अने सुरो (देवो) मा पतिरुपे, पुष्पोमा पत्रोमा घासना अग्र

ભાગમાં સર્વ ઠેકાણે આ શીવજી કેવળ વ્યાપીને રહ્યા છે, એ વિના બીજુ કાંઈ પણ નથી એમ શ્રી હરિ કહે છે (૮)

वाल्ये दुःखातिरेको मलुलुलितवपुस्तन्यपाने पिपासा ।
नो शक्य चेन्द्रियेभ्यो भवगुणजनिता जन्तवो मा तुदन्ति ॥
नानारोगाच्च दुःखाद्रुदनपरिवशाच्छकर न स्मरामि
क्षन्तव्यो मेऽपराध शिव शिव शिव भो श्रीमहादेव शम्भो ॥९।

બાળપણમા અતિશે દુઃખ, મેલોમા લપડાયલુ શરીર, દુધ પીવાની તરસ લાગવી, ઇન્દ્રિઓથી કાંઈ પણ ના થઇ શકે, પરસેવા વગેરેથી ઉત્પન્ન થએલા જીવજંતુઓ કરડે, એવા એવા અનેક રોગો અને દુઃખોને લીધે રડવાને વશ થવાથી હું શંકરજીને નથી સ્મરતો, તેથી હે શિવ હે શિવ શ્રી મહાદેવ, હે શંભુજી મારો અપરાધ ક્ષમા કરો. (૯)

दुग्धैर्मध्वादियुक्तैर्दधिघृतसहितैःस्नापित नैव लिंग ।
नो लिप्त चन्दनाद्यैः सुरभिरसयुतैःपूजित न प्रसूनैः ॥
धूपै कर्पूरदीपैर्विविधरसयुतैर्नैव भक्ष्योपहारैः ।
क्षन्तव्योऽपराध शिव शिव शिव भो श्रीमहादेवशम्भो ॥१०॥

દુધ મધ સાકર, દહી, ઘી એવા પચામ્રત સહિત શ્રી શિવલિંગને નહવડાવ્યુ નહિ. ચદન વિગેરે સુગધ રસોનુ કદી પણ લેપન કર્યુ નહી ફુલો વડે પૂજન કર્યુ નહી ધપ અને કપૂરના દીવા કર્યા નહી ખારા તુરા તીખા, કડવા એવા રસવાળા ખાનાના પદાર્થ અને ભેટો સમર્પી નહી. તેથી હે શિવ, હે શિવ, હે શ્રી મહાદેવ, હે શભુજી, આ મારો અપરાધ ક્ષમા કરો (૧૦)

किन्दानेन धनेन वाजिकरिभिः प्राप्तेन राज्येन किं ।

किंवा पुत्र कलत्र–मित्र–पशुभिर्देहेन गेहेन किम् ॥

ज्ञात्वैतत्क्षणभंगुरं प्रतिदिनं त्याज्यं मनो दूरतः ।

स्वात्मार्थं गुरुवाक्यतो भज भज श्रीपार्वतीवल्लभम् ॥११॥

શ્રી સદાશિવથી જો મન દુર હોય તો દાન કરવાથી પણ શુ ? ધન મલ્યાથીએ શુ. ઘોડા અને હાથીઓ વડે પણ શુ ! રાજ્ય મળ્યુ તોએ શુ પુત્રો સ્ત્રી, મિત્રો, અને ગાય. પોપટ, વગેરે પશુઓ વડે પણ શુ, દેહવડે અને ઘરવડે પણ શુ; એતો બધું ક્ષણવિનાશી છે એમ જાણો. એને મનથી દૂર પડતા મુકો, અને આત્માના સ્વરૂપની પ્રાપ્તિ થવા સારૂ સદ્ગુરૂના ઉપદેશ પ્રમાણે શ્રી પાર્વતીજીના પતિને નિરતર ભજો. (૧૧)

आयुर्नश्यति पश्यतां प्रतिदिनं याति क्षयं यौवनं ।
प्रत्यायान्ति गताः पुनर्न दिवसाः कालो जगद्भक्षकः ॥
लक्ष्मीस्तोयतरंगभंगचपला विद्युच्चलं जीवितं ।
तस्मान्मां शरणागतं शरणद त्वं रक्ष रक्षाधुना ॥ १२ ॥

આયુષ્ય પ્રતિદિન જોતા જોતા ચાલ્યુ જાય છે, જુવાની પણ તેમજ ખોવાય છે તેમ જે દિવસો ગયા તે પાછા આવતા નથી, કાળ જગતનુ ભક્ષણ કરે છે, લક્ષ્મી (ધન સંપત્તિ) પાણીની છોળના ભાગવાની પેઠે અતિ ચંચલ છે. અને જીવવુ પણ વિજલીના ચમકાટ જેવુ તરત જાય એવુ છે એ માટે હે શરણાગત પાલક, શિવજી, આપને શરણે આવેલા મને હવે આપ રક્ષણ કરો. (૧૨)

विश्वेशो जनको उमा च जननी गंगा च मातृस्वसा ।
ढुण्ढी भैरव–दण्डपाणिसहिता ज्येष्ठा मम भ्रातरः ॥
श्रीकाशी मणिकर्णिका च भगिनी भार्या ममैव मतिः ।
सत्कर्माणि सुता सदैव सुखदा काश्यां कुटुम्बं मम ॥१३॥

શ્રીવિશ્વેશ્વર મારા બાપ છે અન્નપૂર્ણાજી મા છે ગંગાજી માસી છે, ઢુંઢીરાજ ગણપતી, કાલભૈરવ અને કારતિકસ્વામી વિગેરે મોટાભાઈઓ છે, શ્રી કાશીજી અને મણિકરણિકા બેનો છે મારી આવી આ મતિ પ્રિય સ્ત્રી છે અને સત્કર્મો સદા સુખને આપનાર પુત્રો છે, આમ કાશીજીમાંજ બધું મારૂં કુંટુબ છે. (૧૩)

करचरणकृत वा क्कायज कर्मज वा ॥
श्रवणनयनज वा मानस वा ऽपराधम् ॥
विहितमविहित वा सर्वमेतत्क्षमस्व ।
जय जय करुणाब्धे श्रीमहादेव शम्भो ॥ १४ ॥

હે શ્રી મહાદેવ હે શંભૂ હે દયાસાગર આપનો જય (વધારો) થાવ જય (વધારો) થાવ મારો જે કોઈ અપરાધ, હાથ, પગ, દેહ, વાણી કામ કાજ કાન આંખો મન એઓ વડે થયેલો હોય, જાણતા અજાણતા થયો હોય, તે બધાએ ક્ષમા કરો (૧૪)

प्रातःकाले शिव हृष्ट्वा । निशि पाप विनश्यति ॥
आजन्मकृत मध्याह्ने सायाह्ने सप्तजन्मनि ॥ १५ ॥

૧૨૩૨૯

સવારમાં શ્રીશિવજીનાં દર્શન કરે તો રાત્રિએ કરેલુ પાપ નાશ થાય છે ખરે બપોરે દર્શન કરે તો જન્મથી માંડીને જે પાપ કર્યું હોય તે નાશ થાય છે સાંજે જો શ્રી મહાદેવજીના દર્શન કરે તો સાત જન્મોમા કરેલુ પાપ નાશ પામે છે. (૧૫)

मेरुकाचनदत्ताना गवा कोटिशतानि च ॥

पचकोटा तुरगाणा । तत्फल शिवदर्शने ॥ १६ ॥

મેરૂ પર્વત જેટલા સોનાના દાનોનુ, ગાયોની ૧૦૦ સો કોટી (કરોડ) દીધાનુ, પાચ કરોડ ઘોડાઓનુ જે ફલ થાય તે ફલ શ્રી શિવજીના દર્શનમા છે (૧૬)

श्रीमद्भागवते चतुर्थस्कन्धे द्वितीयाध्याये

यद्व्यक्षर नाम गिरेरित नृणा । सकृत्प्रसगादघमाशु हन्ति तत ।

पवित्रकीर्तिमलङ्घ्यशासन । भवानहो द्वेष्टि शिव शिवेतरम् ॥

ભવાની પોતાના પિતા દક્ષપ્રજાપતિને કહે છે જ શિવજીનુ બે અક્ષરનુ નામ (શિવ) કોઇપણ પ્રસગથી એકજવાર મોમાંથી ઉચ્ચાર થયુ હોય તો તે માણસોના સપૂર્ણ પાપોને તરત હણી નાખે છે તે પવિત્ર કિરતી અને કોઈપણ જેની આજ્ઞા ઓળઘે નહી એવા શિવજીને આપ નિદો છો। અરે ધિક્કાર પિતા ! તારૂ કલ્યાણ નથી થવાનુ ?

अथ नर्मदाष्टकस्तोत्र ॥



श्रीगणेशाय नम ॥ सबिंदुसिंधुसुस्खलत्तरंगभंगरंजित द्विषत्सु पापजातजातकारिवारि संयुतम् । कृतान्तदूतकालभूत-भीतिहारिवर्मदे त्वदीयपादपंकजं नमामि देवि नर्मदे ॥ १ ॥ त्वदंबुलीनदीनमीनदिव्यसंप्रदायकं कलौ मलौघभारहारि सर्व-तीर्थनायकम् । सुमत्स्यकच्छनक्रचक्रचक्रवाकशर्मदे त्वदीय-पादपंकजं नमामि देवि नर्मदे ॥ २ ॥ महागभीरनीरपूरपाप-धूतभूतलं ध्वनत्समस्तपातकारिदारितापदाचलम् । जगल्लये महाभये मृकंडुसूनुहर्म्यदे त्वदीयपादप० ॥ ३ ॥ गतं तदैव मे भयं त्वदंबु वीक्षितं यदा मृकंडुसूनुशौनकासुरारिसेवि सर्वदा । पुनर्भवाब्धिजन्मजं भवाब्धिदुःखवर्मदे त्वदीयपादप० ॥ ४ ॥ अलक्षलक्षकिन्नरामरासुरादिपूजितं सुलक्षनीरतीर-धीरपक्षिलक्षकूजितम् । वशिष्ठशिष्टपिप्पलादिकर्दमादिशर्मदे त्वदीयपाद० ॥५॥ सनत्कुमारनाचिकेतकश्यपात्रिषट्पदैर्धृत स्वकीयमानसेषु नारदादिषट्पदै । रवींदुरन्तिदेवदेवराजकर्म-

शर्मदे त्वदीयपाद० ॥ ६ ॥ अलक्षलक्षलक्षपापलक्षसारसायुध ततस्तु जीवजंतुतंतुभुक्तिमुक्तिदायकम् । विरिंचिविष्णुशंकर स्वकीयधामवर्मदे त्वदीयपाद० ॥ ७ ॥ अहो मृतं स्वनं श्रुतं महेशकेशजातटे किरातमूतवाडवेषु पंडिते शठे नटे । दुरत-पापतापहारिसर्वजंतुशर्मदे त्वदीयपाद० ॥८॥ इदं तु नर्मदाष्टकं त्रिकालमेव ये सदा पठंति ते निरंतरं न यांति दुर्गतिं कदा । सुलभ्य देहदुर्लभं महेशधामगौरवं पुनर्भवा नरा न वै विलो-कयंति रौरवम् ॥ ९ ॥ इति श्रीमच्छंकराचार्यविरचितं नर्मदाष्टकस्तोत्रं संपूर्णम् ॥

પ્રકાશક—નગીનદાસ વલ્લભદાસનુ પગેલાગણુ વાંચશો.
ઠે. બાળમુકુંદદાસ સુખજીના ઘરમાં—બાનાજી રોડ—સુરત.
મુદ્રક—ભદ્રશંકર મછારામ ભટ્ટ.
કળામય પ્રિન્ટીગ વર્કસ, ખાડ બજાર—સુરત.

समाप्त